# વાલ્મિકી રામાયણની રચનામાંથી નિસ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ

હેતલ સોની

## ૧.પ્રસ્તાવના

*ભારત એટલે વિવિધ સંસ્કૃતિઓનો દેશ છે. આપણો ભારત દેશ એ વિશ્વનો સર્વશ્રેષ્ઠ દેશ છે. શિક્ષણનો ઉદ્દેશ્ય બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. શિક્ષણનો ઉદ્ભવ આપણાં વૈદિકઋષિ મુનિઓએ આપેલ તે વિદ્યા આજે આપણાં આજનાં આધુનિક યુગમાં અમુલ્ય જડિબુટ્ટી સમાન છે. એ અમૂલ્ય ઔષધીઓનો ઉપયોગ આજે કેમ કરવો એ તેમાં રહેલા મૂલ્યો દ્વારા આપણે સમજીને સમાજમાં તેને યોગ્ય ઉપયોગ કરી શકીએ છીએ. પ્રવર્તમાન યુગ ઘણી બધી સમસ્યાઓથી ઘેરાયેલો છે. ભવિષ્યમાં આ સમસ્યાઓ વધતી જશે. પરિણામે સમગ્ર વિશ્વમાં અશાંતિ અને અરાજકતા જોવા મળશે. ૨૧મી સદીને આરે ઉભેલ મનુષ્ય ત્રીજા વિશ્વયુદ્ધને નોંતરી રહ્યો છે. તો આવા સમયે આ બાબતે વિચાર ચિંતન કરવું અતિઆવશ્યક છે.*

*રામાયણની રચના એ સાહિત્યનું અજોડ અંગ છે. આ રામાયણના કથા સાહિત્યની રચનાઓની વિશેષ ખુબી એ છે કે તેઓ પદબદ્ધ હોઈ સહેલાઈથી મોઢે કરી શકાય અને લયબદ્ધ હોઈ ગાન કરી શકાય છે. ‘‘ગુજરાતી સાહિત્યમાં આવા અનેક કાવ્યો, પદો, સંતસઈ, કવિત આવા જુદાં-જુદાં શાસ્ત્રમાં છુટા-છુટા વેરાયેલા એવા રામાયણના કથા સાહિત્યની રચના કાવ્યો સંતસઈ વગેરે ‘‘ગુજરાતી ભાષામાં આવેલા છે. એવા રામાયણના કથા સાહિત્યની રચનામાંથી વિવિધ મૂલ્યો જાણવા અને તેને કંઠસ્થ કરવાનું વિશેષ મહત્વ છે.*

*ગુજરાતી સાહિત્યમાં આવા કેટલાયે કવિઓ થઈ ગયા જેવા કે, જયશંકર પ્રસાદ, મીરાં, બિહારી, ધર્મવીર ભારતી, નરસિંહ મહેતા, મૈથલીશરણ ગુપ્ત આવા કવિઓએ જુદાંજુદાં સાહિત્યમાં પદો, કાવ્યો, રામાયણની રચના, કવિત વગેરે લખી આપણને ભેટ આપી છે.*

*પ્રવર્તમાન સમયમાં ભૌતિક સુવિધાની વૃદ્ધિને લીધે માનવી માનસિક શાંતિથી દૂર થતો જાય છે. સમાજના વિવિધ ક્ષેત્રો જેવાં કે સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે શૈક્ષણિક ક્ષેત્રોમાં અનેક પરિવર્તનો જોવા મળે છે. સત્ય, શિસ્ત, દયા, પવિત્રતા, અહિંસા, પ્રેમ, સદાચાર, નીતિમતા, નિયમિતતા, ઉદારતા, સહાનુભૂતિ, સમાનતા, પરોપકાર, પ્રામાણિકતા, વિશ્વાસ, લોકસેવા, રાષ્ટ્રપ્રેમ વગેરે મલ્યોનું અધઃપતન થઈ રહ્યું છે. આવા સંજોગોમાં ભારતીય સંસ્કૃતિનાં પ્રાચીન અને પરંપરાગત શાશ્વત મૂલ્યોનાં વિકાસ માટે વિદ્યાર્થીઓમાં મૂલ્યોનાં વિકાસ થવો એ પ્રાથમિક જરૂરીયાત છે. સમાજમાં રાષ્ટ્રીય એકતા જાળવવા ચારિત્ર્ય ઘડતર માટે નૈતિક મૂલ્યો, સાસ્કૃતિક મૂલ્યોનાં વિકાસ માટે શૈક્ષણિક ક્ષેત્રે વાલ્મિકી જીનું જીવન-કવન અને ‘રામાયણનાં કથા સાહિત્યની રચના ’ એ મહત્વનો ફાળો આપે છે.*

આવી આપણી ભારતીય સંસ્કૃતિને રામાયણના કથા સાહિત્યની રચનાઓ અર્પણ કરનાર શ્રી વાલ્મિકીને આપણે કેવી રીતે ભૂલી શકીએ. આવા રામાયણના કથા સાહિત્યની રચનાઓ તેમણે ભારતીય સંસ્કૃતિને ભેટ કરી છે.

અભ્યાસિકા "ગુજરાતી વિષયમાં રસ અને રૂચિ ધરાવતા હોઈ વળી સંગીત એ અભ્યાસિકાનો પ્રિય વિષય હોઈ રસ, રુચિને કારણે અભ્યાસિકાએ આ અભ્યાસ હાથ ધરેલ છે.

## ૨. સમસ્યા શીર્ષક

વાલ્મિકી રામાયણની રચનામાંથી નિસ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ

## ૩. અભ્યાસના હેતુઓ

સંશોધકે નીચે મુજબનાં સંશોધનનાં હેતુઓ નક્કી કરેલ સંશોધન હાથ ધરેલ છે.

૧. વાલ્મિકીના જીવન ચારિત્ર્યનો અભ્યાસ કરવો.
૨. વાલ્મિકીના રામાયણમાંથી નિસ્પન્ન થતાં જુદાં-જુદાં મૂલ્યોનો અભ્યાસ કરવો.
૩. વાલ્મિકીના રામાયણમાંથી નિસ્પન્ન થતાં મૂલ્યોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.

## ૪.અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધનમાંથી મૂલ્યલક્ષી શિક્ષણ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓ સામે રજૂ કરવામાં આવે તો આજનો વિદ્યાર્થી આવતી કાલનાં સારા નાગરિક તરીકેની યોગ્ય ફરજ બજાવશે અને મૂલ્યલક્ષી શિક્ષણનું કાર્ય એ વિકાસની લાંબી પ્રક્રિયા છે. જીવન એ વિકાસની પ્રક્રિયા છે તે નાશ પામવાની નથી.

- મૂલ્ય શિક્ષણથી વિદ્યાર્થી, શિક્ષક અને સમાજને ફાયદો થશે.
- મૂલ્ય સંબંધિત શિક્ષણકાર્ય કરવા ઈચ્છતા શિક્ષકો તથા વિદ્યાર્થીઓને મદદરૂપ થશે.
- મૂલ્ય શિક્ષણનું કાર્ય એ વિકાસની લાંબી પ્રક્રિયા છે. જીવન એ વિકાસની લાંબી પ્રક્રિયા છે, નાશ પામવાની નથી.
- ભાવિ સંશોધકને મૂલ્યનાં સંદર્ભમાં સંશોધનકાર્ય કરવામાં મદદરૂપ થશે.
- સમાજમાં તથા શિક્ષક અને વિદ્યાર્થીને રામાયણના કથા સાહિત્યની રચના વાંચન કરવા તરફ પ્રેરી શકશે.

## ૫.સંશોધનની મર્યાદા

પ્રસ્તુત સંશોધનકાર્યને નીચે મુજબ મર્યાદિત કર્યું છે.

૧. પ્રસ્તુત સંશોધન વાલ્મિકીના રામાયણની રચનામાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો પૂરતો જ મર્યાદિત રહેશે.

૨. પ્રસ્તુત સંશોધનમાં મૂલ્યોની તારવણી વ્યક્તિગત મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય, રાષ્ટ્રીય મૂલ્ય, આર્થિક મૂલ્ય, નૈતિક મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય, શારીરિક મૂલ્ય અને શૈક્ષણિક મૂલ્ય પ્રકારનાં આધારે કરી છે.

## ૬.વ્યાપવિશ્વ અને નમૂનો :

*પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વાલ્મિકીજીના સમગ્ર રામાયણ કથા સાહિત્યની રચના અભ્યાસનું વ્યાપવિશ્વ બન્યાં હતાં. જેમાંથી નમૂના ભાગ તરીકે ૧૫૦ રામાયણના કથા સાહિત્યની રચનાઓને નમૂના તરીકે પસંદ કરેલ છે.*

## ૭. માહિતીનું એકત્રીકરણ

*સંશોધકે માહિતીનું એકત્રીકરણ કરવા માટે માહિતી પત્રકની રચના કરી હતી. સંશોધકે માહિતી પત્રકની રચના કરતાં પહેલા શિક્ષણ સંબંધી પુસ્તકો મૂલ્ય શિક્ષણ સંબંધિત પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. જેના આધારે માહિતી પત્રક તૈયાર કર્યુ હતું. આ માહિતી પત્રકમાં પુસ્તકોમાં સમાવિષ્ટ રામાયણ કથા સાહિત્યની રચનાઓનું વિષય-વસ્તુ દર્શાવી તેમાંથી મૂલ્ય પ્રકાર દર્શાવવામાં આવ્યા અને મૂલ્યે પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતાં મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે.*

*જેના દ્વારા અભ્યાસ અંગે જરૂરી માહિતી મળી રહે. આ માહિતી પત્રકમાં યોગ્ય ફેરફારો માટે અને તેની યોગ્યતા માટેનાં સૂચનો માટે સંશોધન ક્ષેત્રનાં અનુભવી આચાર્યશ્રી, શિક્ષકો અને એજ્યુકેશન કોલેજનાં અનુભવી વિદ્વાન અધ્યાપકશ્રીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.*

## ૮.સંશોધનની પદ્ધતિ

*સંશોધનની અને પદ્ધતિઓમાંથી સંશોધકે નીચેનાં જેવી અભ્યાસ પ્રવૃત્તિઓનો ઉપયોગ કર્યો હતો. આ એક ગુણાત્મક પ્રકારનું સંશોધન છે.*

**- વિષય-વસ્તુ વિશ્લેષણ પદ્ધતિ**

*જ્યારે વસ્તુ-વિશ્લેષણ પદ્ધતિ દ્વારા નમૂનામાં પસંદ કરેલ પુસ્તકોમાં પસંદ કરેલ ૧૫૦ રામાયણના કથા સાહિત્યની રચનાઓને વિષય-વસ્તુને આધારે મૂલ્યોના પ્રકાર અને તારવેલા સૂચનો સંપન્ન કરવામાં આવ્યા હતા.*

## ૯.માહિતી પ્રાપ્તિ માટેના ઉપકરણની રચના

*સંશોધકે માહિતી એકત્રીકરણ માટે માહિતી પત્રકની રચના કરી હતી. સંશોધકે માહિતી પત્રકની રચના કરતાં પહેલા શિક્ષણ સંબંધી પુસ્તકો, મૂલ્ય શિક્ષણ સંબંધી પુસ્તકો, વાલ્મિકી ગ્રંથાવલી, ડૉ. શ્યામસુંદરદાસ રચિત પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. જેના આધારે માહિતી પત્રક તૈયાર કર્યું. આ માહિતી પત્રકમાં સમાવિષ્ટ*

*મૂલ્યોના યોગ્ય ફેરફાર માટે તેની યોગ્યતા માટેના સૂચનો માટે સંશોધન ક્ષેત્રના અનુભવી શિક્ષકો અને એજ્યુકેશન કોલેજના અનુભવી વિદ્વાન અધ્યાપકશ્રીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.*

## ૧૦. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

*પુસ્તકોમાં સમાવિષ્ટ રામાયણના કથા સાહિત્યની રચના ઓનો મૂલ્યલક્ષી અભ્યાસ કરવાનો હોવાથી સૌપ્રથમ વાલ્મિકી રામાયણનાં પુસ્તકોની સૂચિ બનાવી ત્યારબાદ દરેક પુસ્તકનું વિષય-વસ્તુ દર્શાવી તેમાંથી મૂલ્ય પ્રકાર દર્શાવવામાં આવ્યા અને મૂલ્ય પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતાં મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે. આ રીતે દરેક પુસ્તકોમાં સમાવિષ્ટ રામાયણનાં કથા સાહિત્યની રચનાઓને આધારે શૈક્ષણિક ફલિતાર્થ દર્શાવવામાં આવ્યા છે.*

*માહિતીનું પૃથક્કરણ કર્યા પછી પુસ્તકોમાં સમાવિષ્ટ રામાયણના કથા સાહિત્યની રચનાઓના મૂલ્ય પ્રકાર પ્રમાણે કરેલા રામાયણના કથા સાહિત્યની રચના ઓમાંથી કેટલા મૂલ્યો નિષ્પન્ન થાય છે તે ક્રમ દર્શાવતી સારણી રજૂ કરવામાં આવી છે. અને તેને આધારે તારણો તારવવામાં આવ્યા છે.*

## ૧૧. પ્રસ્તુત સંશોધન પરથી ફલિત થતાં તારણો

*પ્રસ્તુત સંશોધન પરથી નીચે મુજબ ફલિત થતાં તારણો તારવવામાં આવ્યા છે.*

- *પુસ્તકોમાં નિહાળેલા નૈતિકમૂલ્યોને લઈને એક અલગ વિભાગ રજૂ કરેલા છે જે વિભાગમાં ૨૦ જેટલા રામાયણનાં કથા સાહિત્યની રચનાઓ જોવા મળે છે.*
- *પ્રસ્તુત રામાયણ માંથી નૈતિક મૂલ્યોને આધારે નિસ્પન્ન થતાં મૂલ્યોમાં માનવતા,કરૂણા પ્રામાણિકતા, નિતિમય વ્યવહાર, બંધુત્વ, નિષ્ઠા, સ્વામીભક્ત, દાન, સત્ય, અભ્યાસ, જ્ઞાન જોવા મળે છે. આમ કુલ ૧૨ નૈતિક મૂલ્યો જોવા મળે છે.*
- *પુસ્તકોમાં સમાવિષ્ટ વ્યક્તિગત મૂલ્ય આધારિત ૧૫ જેટલા રામાયણના કથા સાહિત્યની રચના ઓને અલગ તારવવામાં આવ્યા હતાં.*
- *વ્યક્તિગત મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં કર્તવ્યભાવના, જળનું મહત્વ નિયમિતતા,કર્તવ્ય પરાયણતા, ઉદ્યમશીલતા વગેરે જોવા મળે છે. આમ કુલ ૫ વ્યક્તિગત મૂલ્યો જોવા મળે છે.*
- *પુસ્તકોમાં નિહાળેલાં સાંસ્કૃતિક મૂલ્ય આધારિત ૧૦ જેટલા રામાયણના કથા સાહિત્યની રચના ઓને અલગ તારવવામાં આવ્યા હતા. જેને એક અલગ વિભાગરૂપે રજૂ કરેલ છે.*
- *સાંસ્કૃતિક મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં ધાર્મિક સહિષ્ણુતા, સંસ્કારોનું સિંચન, સાંસ્કૃતિક જાળવણી સંયમ સંસ્કૃતિનું પાલન, ભાષાપ્રેમ,સત્ય રાષ્ટ્રભાષા, સત્સંગ જોવા મળે છે. આમ કુલ ૮ સાંસ્કૃતિક મૂલ્યો જોવા મળે છે.*

- *પુસ્તકોમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં સંસ્કૃતિની જાળવણી, કુદરતી સંપતિ, સ્વદૈશપ્રેમ, સર્વધર્મ, સમભાવના, બિનસાંપ્રદાયિકતા વૃક્ષોનું મહત્વ પર્યાવરણની સુરક્ષા જોવા મળે છે. આમ કુલ ૭ (સાત) રાષ્ટ્રીય મૂલ્યો જોવા મળે છે.*
- *પુસ્તકોમાં જોવા મળેલ સામાજિક મૂલ્ય આધારિત ૩૦ જેટલા રામાયણના કથા સાહિત્યની રચના ઓને પ્રસ્તુત સંશોધનમાં સમાવી લઈ એક અલગ વિભાગ તૈયાર કરેલ છે.*
- *સામાજિક મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં બંધુત્વ, સહકાર વડીલો પ્રત્યે આદર,પરોપકાર,લોકસેવા, નિષ્ઠા, ત્યાગ, કૌટુંબિક ભાવના, સ્વાતંત્ર્યનો ત્યાગ ન થવો, પરાધીન જીવન ન જીવવું સ્ત્રીઓનો સામાજિક દરરજો આમ, કુલ -૧૯ સામાજિક મૂલ્યો જોવા મળે છે.*
- *પુસ્તકોમાં સમાવિષ્ટ આધ્યાત્મિક મૂલ્યોને આધારે ૩૦ જેટલા રામાયણના કથા સાહિત્યની રચના ઓનું મંથન કરી એક અલગ વિભાગની રચના કરવામાં આવી હતી.*
- *આધ્યાત્મિક મૂલ્યોને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં, પ્રભુપ્રૈમ, મૈત્રીભાવ, પ્રારબ્ધ પ્રાર્થના અને ભક્તિ-ભાવના, ઉપાસના જોવા મળે છે. આમ કુલ ૬ (છ) આધ્યાત્મિક મૂલ્યો જોવા મળે છે.*
- *પુસ્તકો નિહાળેલાં શૈક્ષણિક મૂલ્ય આધારિત ૩૫ જેટલાં રામાયણના કથા સાહિત્યની રચનાઓનું ચિંતન કર્યા પછી એક અલગ વિભાગ તરીકે પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ કરેલ છે.*
- *શૈક્ષણિક મૂલ્યોને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં અભ્યાસ, ધ્યાન, એકાગ્રતા, જ્ઞાન, લેખન, વાંચન, ચિંતન, રસરૂચિના પ્રશ્નો, મૈત્રી, સંવાદ, સમય સૂચકતા જોવા મળે છે. આમ કુલ ૧૧ શૈક્ષણિક મૂલ્યો જોવા મળે છે.*

## ૧૨. ભાવિ સંશોધન અંગે ભલામણો

*પ્રસ્તુત સંશોધનને આધારે ભવિષ્યમાં કેવા પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય તેની નોંધ નીચે મુજબ છે.*

- *બી.એડ.કોલેજના તાલીમાર્થીઓમાં પ્રવર્તતા મૂલ્યોનો અભ્યાસ.*
- *બિહારી સત્તસઈમાંથી નિષ્પન્ન થતાં પ્રેમ નિરૂપણનો અભ્યાસ.*
- *મીરાંના પદમાંથી નિષ્પન્ન થતાં ભક્તિરસનો અભ્યાસ.*
- *માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રવર્તતા મૂલ્યોનો અભ્યાસ.*
- *નવવિચારવાદી યુવાન શિક્ષકોની વિવિધ મૂલ્યો અંગેની સંકલ્પનાઓનો અભ્યાસ.*
- *ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના "ગુજરાતી પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો તુલનાત્મક અભ્યાસ.*

## ૧૩. ઉપસંહાર

*પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર સંશોધનનો સારાંશ, તારણો, સંશોધનની ભલામણો અને ભવિષ્યમાં કરવા યોગ્ય સંશોધનની ભલામણોની ચર્ચા કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં વાલ્મિકીના રામાયણમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે. મૂલ્યલક્ષી સમાજનાં ઘડતરની આવશ્યકતા પર ચિંતકો ભાર*

*મૂકી રહ્યા છે. શાળામાં બાળકનું ઘડતર થાય છે. પુસ્તકો દ્વારા બાળકોમાં મૂલ્યો સક્રાંત કરી તેનું યોગ્ય ઘડતર કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન શિક્ષકોને અને વિદ્યાર્થીઓનાં મૂલ્યનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી નિવડશે તેવી પ્રયોજકની શ્રદ્ધા છે.*

## સંદર્ભ સૂચિ

### અંગ્રેજી સંદર્ભ પુસ્તકો


૧. Asthur. Betranel Tests Measurement and Evaluation (1980) California : A Dev Approach Admission Westory Company.

2. Lindguist, B.F, Educational Measurement. (1956) Washington American Council of Education.

૩. Richard, Rynyor. P and Ander, Fundamental of Behavioral Statistic (1989) (6th Edition) Auckland : Mcgraw Hill books.


### ગુજરાતી સંદર્ભ પુસ્તકો :


*૧. ભટ્ટાચાર્ય, એચ.એમ (૧૯૫૭). તત્વજ્ઞાનના સિદ્ધાંતો. કલકત્તા : યુનિ. પ્રકાશન*

*૨. દેસાઈ હરિભાઈ. જી (૧૯૭૦). સંશોધન અહેવાલ. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*

*૩. આચાર્ય, મોહિની ડી. (૨૦૦૮) શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન્સ.*

*૪. દેસાઈ, પાઠક અને અન્યો, (૧૯૭૩). શૈક્ષણિક આયોજન પ્રવિધિ અને મૂલ્યાંકનની નવી ધરી. મુંબઈ : એ.આર. શેઠની કુ.*

*૫. શાહ, દીપિકા બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.*


### શબ્દકોષ :


**1. Good, C.V, Dictionary of Education. New York : Mcgraw Hill books Co. ltd.**

*૨. દેસાઈ, કે.જી. (૨૦૦૧) : "મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય અમદાવાદ.*

*૩. ભગવતસિંહજી (૨૦૦૭). ભગવદ્ગોમંડલ, રાજકોટ : પ્રવિણ પ્રકાશન*